| | |
|---|---|
| **Headlines:** NSE's cash market share increased to new high | |
| **Source:** Gujarat Samachar | **Date:** 5 October 2016 |

# NSEના કેશ તેમજ ડેરિવેટિવ્ઝના બજાર હિસ્સામાં થયેલો નોંધપાત્ર વધારો

અમદાવાદ, તા. ૪

ચાલુ વર્ષના પ્રથમ અર્ધવાર્ષિક ગાળા દરમિયાન નેશનલ સ્ટોક એક્સચેન્જનો કેશ સેગમેન્ટનો હિસ્સો વધીને ૮૬ ટકા થયો છે. ચાલુ નાણાંકીય વર્ષના અર્ધવાર્ષિક ગાળા અંતે એક્સચેન્જનું ટ્રેડેડ વોલ્યુમ રૂ. ૨૪૧૭૫૫૦ કરોડ પહોંચ્યું હતું.

જ્યારે ડેરિવેટિવ્ઝ સેગમેન્ટમાં તેનો હિસ્સો વધીને ૯૯ ટકા થયો છે. સૂચિત સમય દરમિયાન ટ્રેડેડ વોલ્યુમ રૂ. ૪૧૭૮૦૫૦૦ કરોડ થયું હતું.

આ ઉપરાંત એનએસઈનો કરન્સી ડેરીવેટીવ્ઝનો હિસ્સો ૫૬ ટકા રહ્યો છે. જ્યારે ઈન્ટરેસ્ટ રેટ ફ્યુચરમાં ૬૭ ટકા હિસ્સો છે.

જેનું ટ્રેડેડ વોલ્યુમ અનુક્રમે રૂ. ૧૩૯૭૧૦૦ કરોડ અને રૂ. ૧૩૨૫૦૦ કરોડ રહ્યાં હતું.